અપીલ અરજી નં.૩૧૯ તા.૨૧–૧–૦૯

અરજદારઃ ત્રાહિત વ્યકિત શ્રી પ્રભાકર હીરાલાલ બાદકસ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ ત્રાહિત વ્યકિત શ્રી પ્રભાકર હીરાલાલ બાદકસ ની તા. ૨૧–૧–૦૯ ની અરજીથી શ્રી વિરેન્દ્ર તુલસીમણી તાયવાડેની તા.૨૦–૧૨–૦૮ની આરટીઆઈ હેઠળ કરેલ પ્લોટ નં.૮૩, દક્ષિણ જલારામનગર ટેના નં.૨૭એફ–૦૧–૦૯૪૫–૦–૦૦૧ થી ૦૦૩ ઉધનાના વેરાબીલની માંગણી કરેલ છે જે સબંધે કલમ–૧૧ હેઠળ તા.૨૦–૧–૦૯ ના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૨૯૮ થી માંગેલ લેખીત અભિપ્રાયમાં સદર માહિતી ગલત ઉપયોગ થવાના સંભવના કારણે ન આપવા બાબતે વાંધો લીધા છતાં માહિતી જાહેર કરવાના નિર્ણય સામે નારાજગી દર્શાવી અપીલ કરવા બાબત.

***સંદર્ભ :***– શ્રી પ્રભાકર હીરાલાલ બાદકસની ,તા.૨૧–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૧૯/૨૦૦૮–૦૯

શ્રી પ્રભાકર હીરાલાલ બાદકસ,ની તા. ૨૧–૧–૦૯ ની અરજીથી શ્રી વિરેન્દ્ર તુલસીમણી તાયવાડેની તા.૨૦–૧૨–૦૮ની આરટીઆઈ હેઠળ કરેલપ્લોટ નં.૮૩, દક્ષિણ જલારામનગર ટેના નં.૨૭એફ–૦૧–૦૯૪૫–૦–૦૦૧ થી ૦૦૩ ઉધનાના વેરાબીલની માંગણી કરેલ છે જે સબંધે કલમ–૧૧ હેઠળ તા.૨૦–૧–૦૯ ના પત્ર નં.સા.ઝોન/અકણ/૧૨૯૮ થી માંગેલ લેખીત અભિપ્રાયમાં સદર માહિતી ગલત ઉપયોગ થવાના સંભવના કારણે ન આપવા બાબતે વાંધો લીધા છતાં માહિતી જાહેર કરવાના નિર્ણય સામે નારાજગી દર્શાવી અપીલ કરવા બાબતે એપેલેટ ઓફિસરને તા.૨૧–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત કલમ–૧૧ હેઠળ ત્રાહિત વ્યકિતને બજાવેલ નોટીસ, ત્રાહિત ધ્વારા લીધેલ વાંધો/આવેલ રજુઆતની નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૭૫ તા.૧૦–૨–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન) અને અરજદારને અપીલના આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.સા.ઝોન/અકણ/૧૫૪૭ તા.૧૨–૨–૦૯ થી અત્રેના વિભાગને પુરક માહિતી મળેલ છે. અરજદાર તરફથી ત્રાહિત વ્યકિતને આરટીઆઈ એકટ હેઠળ કલમ–૧૧ મુજબની બજાવેલ નોટીસ અને ત્રાહિત વ્યકિતએ નોંધાવેલા વાંધા સંદર્ભ કરેલ નિર્ણયની જાણ કરતા પત્રની નકલ રજુ કરવામાં આવેલ નથી. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તે રજૂ કરવામાં આવેલ છે.

અરજદારે તેની તા.૨૧–૧–૦૯ ની અરજીથી અરજદાર શ્રી વિરન્દ્ર તુલસીમણી તાયવાડેની તા.૨૦–૧૨–૦૮ની આરટીઆઈ હેઠળ કરેલપ્લોટ નં.૮૩ દક્ષિણ , જલારામ નગર ટેના નં.૨૭એફ–૦૧–૦૯૪૫–૦–૦૦૧ થી ૦૦૩ ઉધનાના વેરાબીલની માંગણી કરેલ છે. તેની સામે ત્રાહિત વ્યકિત તરીકે વાંધો લઈ વિરોધ નોંધાવેલ છે. સદર વ્યકિત લોકોને ખોટી રીતે હેરાન પરેશાન કરતો આવેલ છે તે રજુઆત કરેલ છે. જેના અનુસંધાને નં.આરટીઆઈ સેલ/૧૦૯૫ તા.૧૨–૨–૦૯ થી જાહેર માહિતી અધિકારી અને અરજદારને તા.૧૮–૨–૦૯ ના રોજ સાંજે ૪.૧૫ કલાકે મુખ્ય કચેરી મુગલીસરા ખાતે સુનાવણી રાખવામાં આવેલ. જેમાં કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉપસ્થિત રહેલ. અને તેઓએ જણાવેલ માહિતી માંગનાર અરજદારને પાર્ટી સ્ટેટસની વિગતો આપેલ છે જેમાં ટેનામેન્ટ ધારકનું નામ સ્થળ અને અન્ય વેરાની વિગત આવે છે.તેમાં કોઈ દસ્તાવેજ કે ખાનગી માહિતીનો સમાવેશ થતો નથી. પાર્ટી સ્ટેટસની વિગતો આપતા માહિતી પત્રની અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/૧૩૧૧ તા.૨૧–૧–૦૯ ની નકલ પૂરક વિગતમાં રજુ કરેલ છે. ત્રાહિત અરજદાર હાજર રહી માહિતી માંગનાર અરજદાર પોતે અમારી વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ છે. જી.ઈ.બી માં પણ આ રીતે ખોટી ફરીયાદો કરેલ છે. તથા ખોટી રીતે હેરાન કરે છે તેવી રજુઆત કરેલ. વધુમાં સદરહુ અપીલ અંગે એપેલેટ ઓફિસરે પુછતાં પાર્ટી સ્ટેટસમાં જણાવેલ વિગત જાહેર થતાં અમને કોઈ નુકશાન નથી તેવું પણ અરજદારે સુનાવણી દરમ્યાન જણાવેલ.

આરટીઆઈ કાયદાની કલમ–૧૧ ની જોગવાઈ હેઠળ ત્રાહિતને લગતી કે ત્રાહિત ધ્વારા પુરી પાડેલ અને ત્રાહિત ધ્વારા ખાનગી ગણેલ માહિતી જાહેર કરતાં પૂર્વે ત્રાહિતને તેમનો પક્ષ રજુ કરવાની તક પુરી પાડવાની રહે છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત ઠરાવેલા સમય અવધિ બાદ પરંતુ અરજી નિકાલની અવધિમાં તે અનુસરેલ જણાય છે. આ જ બાબતે કલમ–૧૧ (૧) ની જોગવાઈ હેઠળ વેપાર અથવા વાણિજય રહસ્યો જે કાયદાથી રક્ષિત છે. તે સિવાયના કિસ્સામાં માહિતી જાહેર થવાથી ત્રાહિતનો થનાર સંભવિત નુકશાન સામે જાહેર હિત વધુ મહત્વનું જણાય તેવા કિસ્સામાં જાહેર માહિતી અધિકારી માહિતી જાહેર કરી શકે તેવી પણ જોગવાઈ છે.જાહેર માહિતી અધિકારીએ જાહેર કરેલ વિગતોથી સુનાવણી દરમ્યાન અરજદારે જ બયાન અનુસાર માત્ર પાર્ટી સ્ટેટસ જેની નકલો જાહેર થયેલ છે. તેનાથી અરજદારને કોઈ નુકશાન નથી. આમ જાહેર માહિતી અધિકારી ધ્વારા જાહેર સ્ત્રોત હેઠળની માહિતી શુભ હેતુથી જાહેર કર્યાનું સ્પષ્ટ થાય.

## હુકમ

અરજદારની મૂળ અરજી, ત્રાહિત વ્યકિતની અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

કાયદાની કલમ–૧૧(૧) ના ઉત્તરાર્ધમાંની જોગવાઈ તથા સુનાવણી દરમ્યાન માહિતી જાહેર થવાથી અરજદારને કોઈ નુકશાન નથી તેવું બયાન તથા શુભ હેતુથી જાહેર માહિતી અધિકારીએ જાહેર કરેલ માહિતી ધ્યાને લેતાં અપીલ અરજી દફતરે કરવામાં આવે છે અપીલમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે.
(૨)શ્રી પ્રભાકર હીરાલાલ બાદકસ,